# જેક્વાર ગ્રુપે યુરો સેનિટરી વેરનું ઉત્પાદન એકમ રૂ. ૧૦૦ કરોડમાં હસ્તક લીધું

અમદાવાદ, તા. ૨૫
ભારતની અવ્વલ સંપૂર્ણ બાથરૂમ નિવારણોની કંપની જેક્વાર ગ્રુપે રૂ. ૧૦૦ કરોડના સોદાં કચ્છ સ્થિત યુરો સેરામિક્સ લિ.નાં એકમો અને અસ્કયાતો સહિત ઉત્પાદન એકમ હસ્તક લઈને સેનિટરી વેર ઉદ્યોગમાં તેનું અવ્વલ સ્થાન સ્થાપિત કર્યું છે. કચ્છના ભચાઉમાં યુરો સેરામિક્સ પ્લાન્ટ ૧૭ એકરમાં પથરાયેલો છે અને એશિયાનાં સૌથી આધુનિક સેનિટરી વેર ઉત્પાદન એકમમાંથી એક છે. આ વ્યૂહાત્મક સોદા સાથે જેક્વાર ગ્રુપનું ઉત્પાદન ભારતમાં ૫ એકમ અને સાઉથ કોરિયામાં ૧ એકમમાં લગભગ ૨૪૮,૦૦૦ ચો.મી.માં ફેલાયેલું છે. આ અવસરે બોલતાં જેક્વાર ગ્રુપના પ્રમોટર અને ડાયરેક્ટર શ્રી રાજેશ મહેરાએ જણાવ્યું હતું કે, "ઉત્પાદન જેક્વાર ગ્રુપની કામગીરીમાં હંમેશાં મુખ્ય રહ્યું છે, જે સરકારના મેક ઈન ઈન્ડિયા વિઝનને પણ ટેકો આપે છે. આયુરો સેરામિક્સ સાથે બેકવર્ડ ઈન્ટીગ્રેશન પરિપૂર્ણ બાથરૂમ નિવારણોની પ્રદાતા તરીકે અમારા પરિમાણને મજબૂત બનાવીને અમને



આગેવાન સ્થાન અપાવશે. આ પગલું અત્યંત નોંધનીય છે, કારણ કે તે વિશ્વ માટે ભારતમાં વિશ્વ કક્ષાનાં ઉત્પાદનો ઉત્પાદન કરવાના ગ્રુપના વિઝન પર ભાર આપે છે. તેનાથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધી રૂ. ૩૫૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવામાં અમને મદદ મળશે."